



મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૩૨૭

બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર



॥ संघात् सखायते सन्धि॥ ISSN : 0970 - 5244

# ગ્રંથાલોક

તંત્રી : શ્રી પંકજભાઈ બાવિશી

વર્ષ : ૪૦ અંક - ૮ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર ઓક્ટોમ્બર થી ડિસેમ્બર - ૨૦૧૯

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના કર્ણધાર



| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | ખજાનચી |
|---|---|---|---|
| પંકજકુમાર મનસુખલાલ બાવિશી | રમણલાલ લલ્લુભાઈ પટેલ | કિરીટભાઈ બચુભાઈ ગંધકવાલા | હિમાંશુભાઈ તુલસીદાસ પાંધી |

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ
☞ Websie : www.gujaratgranthalayasevasangh.in
☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com
વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૩૨૦૭૫૬૫

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૩૨૭)

ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૩૨૭
રમણલાલ એલ. પટેલ (ઉપપ્રમુખ) : ૯૩૭૫૧ ૭૬૬૧૭ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી)મો. ૯૪૨૩૨૦૭૫૬૫

# ગુજરાતના ગ્રંથાલય પ્રહરી : સ્વ. કિરીટભાઈ ભાવસાર-શ્રદ્ધાંજલિ

**— મણિભાઈ પ્રજાપતિ**

ગાંધીજીવન-દર્શનના ઉપાસક સ્વ. કિરીટભાઈ ભાવસાર ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્રના ખરા અર્થમાં 'ગાધીજન' / 'વૈષ્ણવજન' તેમજ તેના પ્રહરી પણ હતા. અને ધાર્મિક દ્રષ્ટિએ પણ વૈષ્ણવ સમ્પ્રદાયના અનુયાયી હોવાથી ડાકોરના રણછોડરાયજીના આરાધક રહ્યા હતા. ગ્રંથાલય વ્યવસાયિક માટે અપેક્ષિત એવી ગુણરાશિ - વિનમ્ર સેવાપરાયણ સંવેદનશીલતા, વ્યવસાયિક તજજ્ઞતા અને સારા વાચક-ના ત્રિવેણીસંગમનું તેઓશ્રી એક મૂર્તિમંત સ્વરૂપ હતા. તેમનાં વાણી-વ્યવહાર - વહાલસોયું વ્યકિતત્વ અને ગ્રંથાલય વ્યવસાયિક તરીકેની પ્રતિબદ્ધતા (commitment) કોઈનેય પણ સ્પર્શી જાય તેટલાં ઉત્કટ અને (role model) હિતાં. સવિશેષતઃ સંદર્ભ ગ્રંથાલયી તરીકેની તેમની સમૃદ્ધિ અને વિદ્યાર્થી વત્સલતાના કારણે વિદ્યાર્થીઓ અને વાચકોથી સતત ઘેરાયેલા રહેતા જોવા મળતા હતા. ગ્રંથાલય ક્ષેત્રમાં કારકિર્દીના પ્રારંભથી અંત સુધી વિવિધ સ્તરની કામગીરીના અનુભવ ઉપરાંત પ્રમાણપત્ર અભ્યાસક્રમથી શરૂ કરી અનુસ્નાતક કક્ષા સુધી સુદીર્ઘકાળના અધ્યાપનના કારણે ગ્રંથાલય વિજ્ઞાનના વિવિધ વિષયક્ષેત્રોમાં તેમની વિહરેલી લેખનપ્રવૃત્તિ પરિપક્વ અને સ્તરીય રહી છે. આ ઉપરાંત તેમના દ્વારા વ્યકિતગત અને અન્યોના સહયોગમાં સંપાદિત કરેલી વિવિધ સાહિત્યસૂચિઓ - (bibliographics) પણ મૂલ્યવાન બની રહે છે. આ પૈકી શ્રી અચ્યુત યાજ્ઞિકના સહયોગમાં સંપાદિત **'ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ'** (૨૦૦૪) દ્રષ્ટિપૂત હોઈ ગુજરાતી મુદ્રણકળાની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં શોધયાત્રા માટે આધારભૂત એવું સીમાસ્તંભ સમાન કાર્ય છે. અહીં ૧૮૦૮માં મુદ્રિત ગુજરાતી પુસ્તકથી શરૂ કરી ૧૮૬૭ સુધીના સમયગાળામાં મુદ્રિત થયેલાં પુસ્તકો પૈકી વિવિધ સાહિત્યસૂચિઓ, ગ્રંથાલય કેટલોગ અને કેટલાક ગ્રંથાલયોની રૂબરૂમાં મુલાકાત લઈ ભારે શ્રમ સાથે શોધખોળ કરી ૧૧૪૯ પુસ્તકોની સૂચિ આપવામાં આવી છે, જે ગુજરાતની - ગુજરાતી ભાષા-સાહિત્યની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો અણમોલ આધારસ્રોત છે. **'ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ સંદર્ભસામગ્રી : એક સર્વેક્ષણ'** (વિદ્યાપીઠ ૧૨.૩ (૧૯૭૫) : ૧-૪૩) માં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા ૩૮૨ સંદર્ભસ્રોતોની ચુવાવયે તૈયાર કરેલી સૂચિ અને તેની સાથે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવેલું સટિપ્પણ અવલોકન ભાવિ પીઢ અને દ્રષ્ટિસંપન્ન ગ્રંથાલયીની એંધાણીનાં દ્યોતક બની રહે છે. આ ઉપરાંત તેમણે **'ગુજરાતી આદિમુદ્રણ પ્રકાશનની તવારીખ'** (૨૦૦૮) ગ્રંથમાં ગુજરાતી મુદ્રણના આદ્યસ્થાપક ફરદુનજી મર્ઝબાનથી શરૂ કરી પ્રમુખ ગુજરાતી મુદ્રકો, મુંબઈ વિસ્તારનાં ૪૯ છાપખાનાંની યાદી અને મુદ્રિત પુસ્તકોની સંખ્યા, મુંબઈથી શરૂ થયેલી આ કળાનો ગુજરાતમાં વિકાસ, 'આદિમુદ્રિત' સૂચિમાં સમાવિષ્ટ પુસ્તકોનું પૃથક્કરણ અને વિહંગાવલોકન કરીને ગુજરાતી મુદ્રણના પ્રારંભથી શરૂ કરી ઈ.સ. ૧૮૬૭ સુધી મુદ્રિત ગુજરાતી પુસ્તકો સંબંધી અને અન્ય આનુષંગિક વિગતો આવરી લેતી ગુજરાતી મુદ્રણકળાની ઝલક એક શોધનિબંધ સમાન છે, જે સર્વથા અભિનંદનીય બની રહે છે. આ સાથે જ ખાસ ઉલ્લેખ કરવો રહયો કે **'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'** ના સ્થાપનાકાળથી જ તેના એક અદના સ્તંભ તરીકે આજીવન જોડાયેલા રહી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રસાર - પ્રચાર અને સંવર્ધનમાં તેમણે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. ગુજરાતના ગ્રંથાલય-ક્ષેત્રના આવા ગરવા-મુકુટમણિ સમાન ગ્રંથાલયીની બહુઆયામી અને બહુશ્રુત સેવાઓને ધ્યાને લઈને **'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'** દ્વારા ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિકની સ્મૃતિમાં પ્રસ્થાપિત **'શ્રી પી. સી. શાહ સ્મૃતિચંદ્રક'** સૌ પ્રથમ વખત તેમને વર્ષ ૨૦૧૮ માં એનાયત કરીને વિભૂષિત કરવામાં આવ્યા હતા.

કિરીટભાઈએ ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૧૯૬૩-૬૪ માં 'ગાંધી સ્મારક સંગ્રહાલય', હરિજન આશ્રમ, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે જોડાઈને કર્યો. અહીંની ગ્રંથાલય વ્યવસ્થાપનની સુચારુ કામગીરીથી પ્રભાવિત થઈ ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથનના શિષ્યરત્ન અને 'શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' ના પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી શ્રી મોહનદાસ પટેલે તેમને પોતાના ત્યાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નિયુક્તિ આપતાં અહીં જોડાયા અને અહીંથી ૧૯૬૮ના જૂન માસમાં 'ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય' માં જુનિયર પ્રોફેશનલ આસિસ્ટન્ટ તરીકે જોડાયા. અહીં સમયાન્તરે પદોન્નતિ પામતાં નાયબ ગ્રંથપાલ થયા અને ત્યારબાદ 'ગુજરાત વિદ્યાપીઠ' ના ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહની સેવાનિવૃત્તિ બાદ ૧૯૯૭માં કાર્યકારી ગ્રંથપાલ તરીકે નિયુક્ત થતાં ૧ એપ્રિલ, ૨૦૦૦ સુધી વિદ્યાપીઠના કાર્યકારી ગ્રંથપાલ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વડા તરીકે સેવાઓ આપીને સ્વૈચ્છિક રીતે સેવાનિવૃત્ત થયા હતા. આ સમય દરમ્યાન 'ગુજરાત પુસ્તકાલય મંડળ' તથા 'ગુજરાત વિદ્યાપીઠ' દ્વારા સંચાલિત ગ્રંથપાલ તાલીમ વર્ગમાં ગ્રંથાલય પ્રશિક્ષક તરીકે પણ સેવાઓ આપી હતી. વિદ્યાપીઠમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ 'સરદાર પટેલ યુનિવર્સિટી' ના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી મુલાકાતી અધ્યાપક તરીકે અને ત્યારબાદ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' માં ગ્રંથપાલ તરીકે આશરે ત્રણ - ચાર વર્ષ (૨૦૦૫-૨૦૦૯) સેવાઓ આપી હતી. ગ્રંથાલય વ્યવસાયમાં જોડાવાથી પ્રાપ્ત કાર્યસંતોષ (job satisfaction) સંબંધી રાજીપો અને ગૌરવ વ્યક્ત કરતાં આ લખનારને જણાવ્યું હતું કે ''લેખનકાર્ય અને વ્યવસાયિક કામગીરીથી મને પ્રસિદ્ધિ મળી. શ્રી ઉમાશંકર જોશીએ મારી પાસે ટૉલ્સ્ટૉયની સૂચિ બનાવડાવી અને 'સંસ્કૃતિ' માં છાપી. વળી, આ વ્યવસાયમાં કામ કરવાની તક મળી તેથી હું ગુજરાતના નામાંકિત અધ્યાપકો, લેખકો - સંશોધકો સાથે સીધા સંપર્કમાં આવ્યો હોઈ મને કાર્ય કરવામાં ખૂબ આનંદ આવતો હતો મારા કાર્યમાં મને પ્રેરણાદાયી માર્ગદર્શન ડૉ. સી. પી. શુકલ સાહેબે આપ્યું હતું તેથી હું સદાયનો તેમનો ઋણી છું. આ ઉપરાંત કેટલાક નામાંકિત ગ્રંથપાલશ્રીઓ જેવા કે કિકુભાઈ દેસાઈ, ચુનીલાલ બારોટ, મોહનદાસ પટેલ, હસમુખ પાઠક, ચંપકલાલ પટેલ, ન. મો. રાવલ, પ્રતાપરાય મહેતા, પી. એફ. પટેલ, રમેશભાઈ ગાંધી, ડી. એન. શુકલ અને ડાહ્યાભાઈ જોશી સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં કાર્ય કરવાની તક મળી.''

ગ્રંથાલય વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી તેમણે શરૂ કરેલી લેખનપ્રવૃત્તિ અવિરતપણે જીવનના અંત સુધી ચાલુ રાખી હતી. જો કે આ પૂર્વે વિદ્યાર્થીકાળમાં તેમનો પ્રથમ લેખ 'નવલરામ પંડ્યા' વિશે શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજના 'સાબરમતી' ના ૧૯૬૦ના અંકમાં અને ગ્રંથાલય વિજ્ઞાન વિશેનો પ્રથમ લેખ' જાહેર ગ્રંથાલય માટે પુસ્તક પસંદગી' 'વિદ્યાપીઠ'ના જુલાઈ - ઓગષ્ટ ૧૯૬૭ના અંકમાં પ્રગટ થયો હતો. 'ગુજરાત વિદ્યાપીઠ'માં જોડાયા પછી ૨૦૦૯ સુધી ૫૬ જેટલા લેખો ઉપરાંત 'ગુજરાત વિશ્વકોશ', 'ગ્રંથાલોક' અને 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' નાં અધિવેશનોનાં (Book of Papers) માં પણ કેટલાક લેખો પ્રકાશિત થયા છે. તેમણે ગ્રંથાલય વિજ્ઞાન વિશે મૌલિક, અનુવાદિત અને સંપાદિત પુસ્તકો પૈકી સૂચિકરણ પ્રાયોગિક : એએસીઆર-૨ પ્રમાણે (૧૯૮૭, ૨૦૦૬), વર્ગીકરણ પ્રાયોગિક કાર્ય (૧૯૯૦), નિર્દેશીકરણ (૧૯૯૪), ડીડીસી-૧૯ (૧૯૯૬), ગ્રંથાલયમાં ઉપભોક્તા શિક્ષણ (૧૯૯૮), દ્વિબિંદુ વર્ગીકરણ (સહ અનુવાદક - છગન ભૈયા અને નવીન બરોડિયા, ૧૯૯૩), શિયાલી રામામૃત રંગનાથન / ડૉ. એમ. એ. ગોપીનાથ કૃત (અનુવાદ), સૂચિકરણ : ઈતિહાસ... / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), રંગનાથી વર્ગીકરણ / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત કોન્ફરન્સોમાં રજૂ થયેલા લેખો: બુક ઓફ

પેપર્સનું સંપાદન (સહ સંપા. પ્રવીણ શાહ, ૨૦૦૬ થી ૨૦૧૫ ?) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સંપાદિત વાઙ્મયસૂચિઓ : ગુજરાત વિદ્યાપીઠ તપાસ નિબંધ સૂચિ (સહ સંપા. કનુભાઈ શાહ), ગુજરાતી સામયિક લેખ સૂચિ – ૧૯૭૫ અને ૧૯૭૬ (સહ સંપા. કનુભાઈ શાહ), ગુજરાત વિદ્યાપીઠમાં સંગૃહીત હસ્તપ્રતોની સૂચિ (સહ સંપા. કનુભાઈ શાહ, ૧૯૮૮), લેવ તોલ્સ્તોય સાહિત્યસૂચિ (૧૯૭૯), ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથસૂચિ (સહ સંપા. અચ્યુત યાજ્ઞિક, ૨૦૦૪), ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૮ (સહ સંપા. નીના ચોકસી), ગુજરાતી ગઝલ સૂચિ (સહ સંપા. મિત્રા મહેતા અને પૂર્ણિમા ઉપાધ્યાય, ૨૦૧૦) તથા વિવિધ સાહિત્યકારો અને અન્ય વિષયો સંબંધી જેમકે ઝવેરચંદ મેઘાણી, નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, કવિ દલપતરામ, પ્રૌઢ શિક્ષણ, ગુજરાતીમાં ગ્રંથાલયશાસ્ત્ર વગેરે વિશે ૧૨ જેટલી સૂચિઓ સામયિકો / સંબંધિત ગ્રંથોમાં પ્રકાશિત થઈ છે. તેમણે ગ્રંથાલયશાસ્ત્ર ઉપરાંત દફતરવિદ્યા, કુંદી હસ્તકલા કારીગરી, પાટણનાં પટોળાં વગેરે વિશે પણ લેખો લખ્યા છે. ગ્રંથાલય વિજ્ઞાન વિષયક પુસ્તકો ગ્રંથાલયશાસ્ત્રના સ્નાતક / અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં હોવા છતાં વિદ્યાર્થીઓ ઉપરાંત કાર્યરત વ્યવસાયિકો માટે પણ ઉપકારક નીવડે તેવાં છે. એએસીઆર, નિર્દેશીકરણ, ડીડીસી–૧૯ અને ઉપભોક્તા શિક્ષણ વિષયક પુસ્તકો ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ વખત પ્રકાશિત પુસ્તકોના શ્રેયનાં અધિકારી બની રહે છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓને આવરી લેતા તેમના લેખો અને ગ્રંથસમીક્ષાઓ પણ અભ્યાસનિષ્ઠ જોવા મળ્યાં છે. આ લેખો પૈકી 'જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની બદલાતી ભૂમિકા' (૨૦૧૩), ગ્રંથાલયપ્રવૃત્તિ ક્ષેત્રે ગાંધીજીનું પ્રદાન (વિદ્યાપીઠ, માર્ચ–એપ્રિલ ૧૯૮૨), શ્રી એસ. આર. રંગનાથનના વિચારો અને કાર્યોનું મહત્ત્વ અને પ્રસ્તુતતા: આજના માહિતીયુગના સંદર્ભમાં (Dlibcom 2.8-9 (2007)) સેલ્ફ–સેવાઓ ગ્રંથાલયશાસ્ત્રની (ગુજરાતી વિશ્વકોશ) વગેરે નોંધપાત્ર લેખો છે.

શૈક્ષણિક ગ્રંથાલયમાં પોતાની કારકિર્દી (૧૯૬૮–૨૦૦૦) પસાર કરી હોવા છતાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર – વિકાસમાં તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે અને તે 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' ના માધ્યમ થકી. આ લખનારને તેમણે એક પ્રશ્નના ઉત્તર સ્વરૂપે જણાવ્યું હતું કે ''ગ્રંથાલય વ્યવસાયિક સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવવા હું 'ગુજરાત પુસ્તકાલય મંડળ' નો સભ્ય બન્યો. અમદાવાદમાં 'લાઈબ્રેરી ફોરમ' નામથી સ્થાનિક ગ્રંથાલયોના ગ્રંથપાલો દર મહિનાના અંતિમ સપ્તાહમાં એક દિવસે 'બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ'માં ભેગાં મળતાં. આ મંડળીમાં આવનાર દરેક સભ્યે લેખ તૈયાર કરી એ સભામાં / બેઠકમાં પ્રસ્તુત કરવો એ શર્ત હતી. ક્યારેક દેશ-વિદેશના ગ્રંથાલય તજ્જ્ઞો અમદાવાદની મુલાકાતો આવતાં તેમનાં પણ વ્યાખ્યાનો યોજાતાં હતાં... આ ફોરમમાંથી ગુજરાતના ગ્રંથપાલોનું એક વ્યવસાયિક મંડળ ઊભું કરવું એવો વિચાર પી. સી. શાહ, ડૉ. સી. પી. શુકલ, રમેશભાઈ ગાંધી વગેરેને આવ્યો. 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' નું બંધારણ રચાયું... 'લાઈબ્રેરી ફોરમ' ની મિટિંગમાં હું અવશ્ય હાજર રહેતો. તેથી શ્રી પી. સી. શાહના પરિચયમાં આવ્યો. આમ, 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' ના કાર્યમાં શરૂઆતથી જ સક્રિય કાર્યકર તરીકે જોડાયો'. આ સંઘની સ્થાપના પછી સંઘના પ્રત્યેક કાર્યમાં તેઓશ્રી મંત્રીશ્રી પી. સી. શાહનો પડછાયો બનીને ઊભા રહ્યા હતા. સંઘનાં વિવિધ કાર્યો જેમકે સંઘની મિટિંગ બોલાવવી, સંઘનું મુખપત્ર 'ગ્રંથાલોક' નું સંપાદન-પ્રકાશન, સંઘ દ્વારા આયોજિત વાર્ષિક પરિસંવાદોના વિષયો નક્કી કરી સભ્યોને પરિપત્રો મોકલવા, આયોજનનું સ્થળ પસંદ કરવું અને અન્ય આનુસંગિક કાર્યો, પ્રાપ્ત લેખોનું સંપાદન – પ્રકાશન ઉપરાંત વિવિધ ગ્રંથાલયોના પ્રશ્નો – સમસ્યાઓ સરકારના ગ્રંથાલય ખાતામાં, શિક્ષણ વિભાગમાં

રજૂ કરી તેના ઉકેલ માટે પ્રયાસો કરવા વગેરે પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ સહયોગ રહ્યો હતો. આ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે આ લખનારને પ્રવીણભાઈ શાહે જણાવેલ કે "ગુજરાતીમાં બોલ-ચાલ સિવાય લખવાનો મારો કોઈ ખાસ મહાવરો ન રહયો હોવાથી કિરીટભાઈ ઉપર આધારિત રહું છું. મારાં ગુજરાતી લખાણો તેમના તપાસ્યા બાદ જ છાપવા માટે મોકલું છું". કિરીટભાઈ સંઘમાં ઉપપ્રમુખના હોદ્દા પર રહી પ્રસન્નતાપૂર્વક સંઘનાં વિવિધ કાર્યો કરતા રહયા હતા. સિવાય કે સંઘના પ્રમુખ પી. સી. શાહના ૨૦૧૫માં અવસાન બાદ સંઘના સભ્યોના આગ્રહને વશ થઈ સંઘના પ્રમુખ તરીકે જીવનપર્યંત સેવાઓ આપી. સંઘના માધ્યમથી પ્રવીણભાઈ અને કિરીટભાઈનું યુગકાર્ય 'Directory of Libraries and Information Centres in Gujarat' (2001) નું સંપાદન - પ્રકાશન છે. ગુજરાતનાં વિવિધ પ્રકારનાં ૧૮૪૩ ગ્રંથાલયો સબંધી આવશ્યક માહિતીનો સમાવેશ કરતી આ ડિરેકટરી એક અણમોલ સંદર્ભસ્રોત છે. આ ડિરેકટરીને - ગુજરાતના ગ્રંથાલયોની એક ગર્વરૂપ ઘટનાને આવકારતાં સંઘના તત્કાલીન પ્રમુખ ચંપકભાઈ પટેલના શબ્દો "I understand it is worth noting here that, so far, no other Library Association in India has undertaken to publish such a directory for their own states... Gujarat Granthalaya Seva Sangh is the first in India to compile a comprehensive **'Directory of... in Gujarat'.** Considering the magnitude of the work involved in the making of such a directory, all connected with the compilation of this directory deserve my high regard and appreciation the task so ably performed" સુચિંતનીય બની રહે છે. આ ડિરેકટરી ઉપરાંત તેમનું અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી કાર્ય કે જેની ખોટ આપણે અનુભવી રહયા છીએ તે 'ગુજરાતી વાર્ષિક ગ્રંથસૂચિ' નું છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' માં ગ્રંથપાલ (૨૦૦૫-૨૦૦૯) તરીકે જોડાયા બાદ ટ્રસ્ટના ગ્રંથાલયના સુચારુ સંચાલન / વ્યવસ્થાપન ઉપરાંત તેમના દૃષ્ટિપૂત પરામર્શન - માર્ગદર્શન હેઠળ ડૉ. આબેદા કાઝી દ્વારા 'ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૬ અને ૨૦૦૭' નું સંપાદન અને ટ્રસ્ટ દ્વારા પ્રકાશન. આ કાર્યના અનુસંધાનમાં તેમણે સ્વયં નીના ચોકસીના સહયોગમાં ૨૦૦૮ ની સૂચિનું સંપાદન કર્યું. પરંતુ, દુ:ખ સાથે નોંધવું પડે છે કે ચાલુ રાખવા જેવું આ સૂચિકાર્ય કમનસીબે આગળ વધતું અટકી ગયું છે.

પ્રકાશિત સાહિત્ય ઉપરાંત તેમનું અપ્રકાશિત લઘુ-સંશોધન-કાર્ય છે **'અનુદાન લેતાં ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયો : એક અભ્યાસ'** (૧૯૯૧). આ હેતુ તેમને યુજીસી દ્વારા અનુદાન પ્રાપ્ત થયું હતું. અહીં ગુજરાતની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિની ઐતિહાસિક રૂપરેખા વર્ણવીને અનુદાનના નિયમો અને પ્રાપ્ત અનુદાનમાંથી ચાલતી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃતિનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતાં અનુદાનિત ગ્રંથાલયોમાં ઈફલાના માનકની તુલનાએ ઓછો ગ્રંથસંગ્રહ, ગ્રંથાલયની કક્ષા અનુસાર પુસ્તક ખરીદી પાછળ ઓછો ખર્ચ, કર્મચારીઓને ન્યુનતમ પગાર, અને પી.એફ. યોજનાનો અભાવ વગેરે બાબતો ઉજાગર કરી આપીને ઠોસ વિકાસ માટે કેટલાંક નકકર સૂચનો કર્યાં છે, જેમકે ગ્રંથપાલનું કાર્ય પ્રાથમિક શિક્ષક સમાન મહત્ત્વપૂર્ણ હોવાથી ગ્રંથાલય કક્ષા અનુસાર પગારધોરણ નિયત કરવું અને આ ખર્ચના ૧૦૦% અનુદાન આપવું, ગ્રંથસંખ્યા વધારવી, વિવિધ વયજૂથ અનુસાર વાચનસામગ્રી વસાવવી, કર્મચારી પ્રશિક્ષણની જોગવાઈ, અનુદાનની રકમ વધારવી, ગ્રંથાલય સેવા-વિસ્તાર વગેરે. પ્રસ્તુત સંશોધનકાર્ય ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયોની કાયાપલટ કરવામાં ઉપયોગી બની રહે તેટલું બળકું છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. કિરીટભાઈનો જન્મ વતન અમદાવાદમાં તા. ૧૦ ઓકટોબર, ૧૯૩૮ ના રોજ થયો હતો. પિતાનું નામ કાન્તિલાલ છગનલાલ ભાવસાર અને માતાનું નામ શ્રીમતી કમળાબહેન. તેમનાં પત્નીનું નામ શ્રીમતી નિર્મળાબહેન. તેમના પરિવારમાં બે પુત્રો શ્રી પરેશભાઈ તથા શ્રી ઉન્મેષભાઈ

અને એક પુત્રી સ્વાતિબહેન છે. તેમનાં માતા મ્યુનિસિપલ શાળામાં શિક્ષિકા હોવાથી ઉચ્ચશિક્ષણનાં પ્રેરણાસ્રોત બની રહયાં હતાં. તેમણે પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાંથી મેળવ્યા બાદ 'સીટી હાઈસ્કૂલ', રાયપુર, અમદાવાદમાંથી માધ્યમિક શિક્ષણ અને અમદાવાદની સુપ્રસિદ્ધ 'રામાનંદ આર્ટ્સ કોલેજ' (હવે, શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ) માંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય ભારતીય સંસ્કૃતિ સાથે બી.એ. નો અભ્યાસ ૧૯૬૦-૬૧ માં પૂર્ણ કર્યા બાદ 'ભો. જે. વિદ્યાભવન'માંથી એમ.એ. (પુરાવસ્તુવિદ્યા) નો અભ્યાસ વર્ષ ૧૯૬૧-૬૩માં કર્યો. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદ બહાર નોકરીની ઉજ્ઞવળ તકો ઉપલબ્ધ હોવા છતાં માતાનું આકસ્મિક અવસાન અને કુટુંબના ભરણપોષણની જવાબદારી પોતાના શિરે આવતાં અમદાવાદને જ કર્મભૂમિ બનાવવાનું મુનાસિબ ગણીને 'ભો. જે. વિદ્યાભવન'માં હસ્તપ્રત વ્યવસ્થાપનની કામગીરી કરવાની સાથે ગ્રંથાલયશાસ્ત્રનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. વર્ષ ૧૯૬૬-૬૭ માં ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.લિબ.એસસી. ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે અને લાંબા અંતરાલ બાદ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા નવા જ શરૂ કરવામાં આવેલ એમ.લિબ.એસસી. ના અંશત:કાલીન અભ્યાસક્રમમાં જોડાઈને આ ડિગ્રી પણ પ્રથમ વર્ગ સાથે ૧૯૮૭માં મેળવી હતી.

આવા વડલા-સમ વ્યકિતત્વથી સંપન્ન શ્રી કિરીટભાઈ ભાવસારનું તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના દિને અવસાન થતાં ગુજરાતનું વિદ્યાજગત – સવિશેષત: ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ અને ગુજરાતનો બૃહદ ગ્રંથાલય પરિવાર તેમની ખોટ અનુભવતાં અશ્રુમિશ્રિત હૈયે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સદ્ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવ પ્રાર્થના સહ...

(સંપર્ક : શ્રીમતી નિર્મળાબહેન ભાવસાર
૪૫૨, વચલી શેરી, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧)

## મેડીકલ કોલેજના લાઈબ્રેરીયન ડો. રાજેશ ત્રિવેદીનું 'શિક્ષાવિદ અતિવિશિષ્ટ' પુરસ્કારથી બહુમાન

**ડૉ. રાજેશભાઈ દ્વારા સિધ્ધનાથ ટ્રસ્ટના માધ્યમથી અનેક સેવાકીય કાર્ય થઈ રહ્યા છે**

**જેની કદર કરી મુલ્યવાન - ગૌરવ પદ એવોર્ડ અપાયો છે.**

અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સમગ્ર ભારતભરનું રાષ્ટ્રીય અધિવેશન પવિત્ર અસ્થાનું અને સંસ્કૃતિક નગરી પુષ્કર (રાજસ્થાન) ખાતે પૌરાણિક મહાલક્ષ્મી મંદિરના પટાંગણમાં યોજાયું હતું. જેમાં સમાજ માટે સેવાકીય સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ પ્રદાન હોઈ તેને શિક્ષાવિદ અતિવિશિષ્ટ પુરસ્કારથી સન્માનિત કરતા હોઈ છે. જે પુરસ્કાર પી.ડી. યુ. મેડીકલ કોલેજ-રાજકોટના લાઈબ્રેરીયન ડો. રાજેશ હર્ષદરાય ત્રિવેદીને રાષ્ટ્રીય અધ્યક્ષ મહેન્દ્રકુમાર દવે, સચિવ વિષ્ણુશેખર દવે, સંરક્ષક પુરૂષોત્તમ શ્રીમાળી દ્વારા એનાયત કરવામાં આવ્યો છે. જેમાં સમગ્ર ભારતભરમાંથી શ્રીમાળી બ્રાહ્મણ પરિવારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ મેળવનાર ડો. રાજેશ ત્રિવેદી મૂળ ઉપલેટાના વતની છે. તેઓ દ્વારા શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી સમગ્ર સૌરાષ્ટ્રના લોકો માટે છેલ્લા ૧૯ વર્ષ થી અનેકવિધ સેવાકીય શૈક્ષણિક-સામાજિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જેવી કે દીવ્યાંગોને વિના મુલ્યે સાધન સહાય, સર્વ રોગ નિદાન સારવાર કેન્દ્ર, ઉનાળામાં સ્લિપર વિતરણ ધાર્મિક ઉત્સવોમાં પૌષ્ટિક આહાર વિતરણ, યુવાનો માટે એઈડ્સ અંગેના સેમીનાર, નેત્ર યજ્ઞો, વૃક્ષ વિતરણ તેમજ વૃક્ષ રોપણ, અબોલ પશુઓની સેવા, અમરનાથ યાત્રિકો માટે માર્ગદર્શન કેમ્પ, સ્વચ્છતા અભિયાન જેવી અનેક પ્રવૃત્તિઓથી તેમનું જીવન ધબકતું છે. સાથે શૈક્ષણિક ક્ષેત્રે પણ તેઓ સાયન્સ ક્ષેત્રે ડોકટરની લાયકાત ધરાવે છે. તેમજ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ૨૫ થી પણ વધારે પેપર્સ દ્વારા પ્રસિધ્ધ થઈ ચુક્યા છે. નેશનલ કક્ષાની ૨ (બે) કોન્ફરન્સના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકેની આપેલ જવાબદારી નિભાવી સફળતા પૂર્વક આયોજન પાર પાડેલ છે. આમ શૈક્ષણિક ક્ષેત્રે અનેક વિવિધ આયોજન કરી રહ્યો છે. તે મુલ્યવાન ગૌરવ એવોર્ડ ડો. રાજેશ ત્રિવેદીને એનાયત થયેલ છે. સમગ્ર ભારતમાં ગુજરાત અને રાજકોટ શ્રીમાળી બ્રાહ્મણ સમાજને ગૌરવ અપાવેલ છે.

# ગ્રંથાલય પ્રવિધિઓ અને સેવાઓમાં સર્વાંગી ગુણવત્તા
## [ Total Quality in Library Techniques and Services ]

— શ્રી નવલસિંહ કે. વાઘેલા

(પૂર્વ ગ્રંથપાલ અને વિભાગીય અધ્યક્ષ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

**૧. પ્રસ્તાવના**

કોઈપણ પ્રકારના ગ્રંથાલયમાં કેટલીક પ્રક્રિયાઓ કે પ્રવિધિઓ અને સેવાઓ અનિવાર્ય અથવા તો અપેક્ષિત હોય છે. ગ્રંથાલય પ્રવિધિઓમાં ગ્રંથાલય સામગ્રીનું પરિગ્રહણ, ગ્રંથાલય વર્ગીકરણ, ગ્રંથાલય સૂચિકરણ વગેરેને ગણાવી શકાય. તો ગ્રંથાલય સેવાઓમાં ગ્રંથ પરિક્રમણ (આપ-લે સેવા), સંદર્ભ સેવા, અદ્યતન અવબોધન સેવા (CAS), પસંદગીયુક્ત માહિતી પ્રસાર સેવા (SDI), પ્રલેખ રવાનગી સેવા (DDS), નિર્દેશીકરણ સેવા, સાર સેવા, સાહિત્ય શોધ સેવા, પ્રત્યાલેખન (Reprography) સેવા વગેરેને ગણાવી શકાય. આ તમામ પ્રવિધિઓ અને સેવાઓ ગુણવત્તાસભર હોવી ખૂબ જ જરૂરી છે. કોઈ એકાદ-બે કે થોડી ગુણવત્તા ધરાવતી હોય અને બીજી ના હોય તો ગ્રંથાલયના તમામ પાસાઓ પર તેની અસર પડે છે. માટે જ ગ્રંથાલય સર્વાંગી ગુણવત્તા ધરાવતું હોવું જરૂરી છે.

**૨. ગુણવત્તા (Quality)**

કોઈ ઉપજ (Product)ના સંદર્ભમાં કે વ્યક્તિના નબળા કાર્ય કે વ્યવહારના સંદર્ભમાં 'નબળી ગુણવત્તા' શબ્દ તેની કોઈ ખામીઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવાતો હોય છે, પરંતુ ગુણવત્તા શબ્દમાં જ ઉત્તમ ગુણો અભિપ્રેત છે. કોઈપણ સંસ્થા, સંગઠન કે ગ્રંથાલયના ઉપભોક્તાઓ કે ગ્રાહકો (Customers)ની દૃષ્ટિએ જે ઉત્તમ છે તે તેમજ જે પ્રવૃત્તિઓ ઉપયોગકર્તાઓને પૂરો સંતોષ આપે તે સંદર્ભમાં તેને મૂલવવામાં આવે છે.

જે સંસ્થાના કે ગ્રંથાલયના કર્મચારીઓ પોતાના ઉપયોગકર્તાઓ પ્રત્યે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખે કે સતત તેમને મદદરૂપ બનવાની ભાવના ધરાવે ત્યાં હંમેશા પ્રવિધિઓ કે સેવાઓ ગુણવત્તાયુક્ત જ બને છે.

આમ છતાં ગુણવત્તાને કોઈ એક ઉપજ, પ્રક્રિયા કે સેવાના ભાગરૂપે નહીં પરંતુ સમગ્રતયા સર્વાંગી ગુણવત્તા (Total Quality)ની રીતે જ વિચારવું જોઈએ. જે માટે કેટલાક પાસાઓને ધ્યાનમાં રાખવા જરૂરી છે, જેમ કે :

(૧) ગ્રંથાલય દ્વારા ઉપયોગકર્તાઓને જે સેવાઓ આપવામાં આવે છે તે માટે ઉપયોગકર્તાઓની સજ્જતા કેટલી છે ?

(૨) ગ્રંથાલયના કર્મચારીઓ તેમના ઉપભોક્તાઓની માંગ કે જરૂરિયાતોને પૂરેપુરા સમજીને આગળ વધે છે ?

(૩) ગ્રંથાલયમાં થતી પ્રવિધિઓ કે ઉપયોગકર્તાઓને આપવામાં આવતી સેવાઓ કેટલી વિશ્વસનીય છે ?

(૪) ઉપયોગકર્તાઓના આત્મસંતોષને જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(૫) ઉપયોગકર્તાઓને જરૂરી એવા યોગ્ય સ્વરૂપમાં માહિતીનું પુનઃગઠન (Repackaging) કરીને તે આપવામાં આવે છે.

(૬) ઉપયોગકર્તાઓને યોગ્ય સમયમાં એટલે કે શક્ય તેટલી ઝડપે માહિતી પૂરી પાડવામાં આવે છે.

(૭) ઉપયોગકર્તાઓ માટે થતી પ્રવિધિઓ કે સેવાઓ માટે થતા ખર્ચની મૂલ્યતા અંકાય છે, એટલે કે ઓછામાં ઓછા ખર્ચે તે કરવામાં આવે છે.

(૮) ઉપયોગકર્તાઓનો સહકાર કેટલો મળે છે ?

(૯) નવી માહિતી ટેકનોલોજીનો સ્વીકાર કરી પ્રક્રિયાઓ કે સેવાઓમાં વિવિધતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(૧૦) ગ્રંથાલયની પ્રક્રિયાઓ (પ્રવિધિઓ) અને સેવાઓ ગુણવત્તાયુક્ત બનાવવા માટે કર્મચારીઓને જરૂરી સઘન તાલીમ મળી રહે છે.

(૧૧) ગ્રંથાલયમાં તમામ ક્ષેત્રે સર્વાંગી ગુણવત્તા લાવવા માટે યોગ્ય વ્યવસ્થાકીય માળખું ગોઠવાયેલું છે.

**૩. ગુણવત્તા અભિગમ**

કોઈપણ કાર્યની ઝડપ અને ગુણવત્તા વચ્ચેનો સંઘર્ષ (conflict) ટાળવો જરૂરી છે; ઝડપથી કાર્ય કરવામાં ભૂલો થવાની શક્યતા રહે છે; કરવામાં આવેલું કાર્ય ગુણવત્તાની દૃષ્ટિએ નબળું સાબિત થાય છે; તે જ કાર્ય ફરીથી કરવું પડે તેવી પરિસ્થિતિ પણ ઊભી થાય છે, જેથી સમયનો વ્યય થાય છે; આમ થવાથી ક્યારેક નિરાશા ઉત્પન્ન થવાની શક્યતા પણ રહે છે.

ગુણવત્તા એ સતત ચાલતી અને લાંબી પ્રક્રિયા છે. ગુણવત્તા એ ઉપયોગકર્તાઓની સાથે સાથે સેવા પૂરી પાડનાર કર્મચારી સાથે પણ જોડાયેલી છે. જેમાં વ્યક્તિનો અનુભવ, રસ, કૌશલ્ય (skill) તેમજ ઉચ્ચ અધિકારીઓના નિર્ણય અને સહકારને આવરી શકાય. ગુણવત્તા માટેનો અભિગમ ધરાવનાર કર્મચારીએ તેના પ્રત્યેક કાર્યમાં ચોક્કસતા (perfectness) લાવવી ખૂબ જ જરૂરી છે.

**૪. સર્વાંગી ગુણવત્તા માટે જરૂરી તત્વો (Basic elements)**

**૪.૧ ઉપયોગકર્તા કેન્દ્રી (User focus)**

ઉપયોગકર્તાઓનો સંતોષ એ ગ્રંથાલયનો મુખ્ય ધ્યેય રહેવો જોઈએ. ગ્રંથાલયના આંતરિક અને બાહ્ય તમામ પ્રકારના ઉપયોગકર્તાઓની જરૂરિયાતો કયા પ્રકારની છે તે ઓળખવા માટે સર્વેક્ષણ (પ્રશ્નાવલિ), સૂચનપેટી વગેરેનો ઉપયોગ કરવો જોઈએ. જરૂરિયાતો માટેનો અગ્રતાક્રમ નક્કી કરી સેવાઓમાં સુધારણા લાવવી જોઈએ.

**૪.૨ લાંબાગાળાની પ્રતિબદ્ધતા - જવાબદારી (Long term commitment)**

ક્યારેક ટૂંકાગાળાના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે થતી ઝડપી પ્રક્રિયામાં ગુણવત્તા જળવાતી નથી. તેમાં ક્રમિકપણે ફેરફારો થવા જોઈએ. સુધારણા કે ફેરફાર માત્ર નવી ટેક્નોલોજીની પ્રાપ્તિ કે ઉપયોગ સંદર્ભે નહીં, પરંતુ ઉપયોગકર્તાઓના સંતોષને અસરકર્તા બને તે પ્રકારના હોવા જોઈએ.

**૪.૩ તથ્યો આધારીત નિર્ણય પ્રક્રિયા (Data based decisions)**

કોઈપણ પ્રકારના બદલાવ માટેના આયોજન અને નિર્ણય પ્રક્રિયા માટે સંબંધિત ડેટાનો આધાર લેવાય તો માહિતીપ્રક્રિયા યોગ્ય રીતે અમલી બની શકે.

**૪.૪ જૂથભાવના અને તેનું નેતૃત્વ (Team and Leadership)**

ગ્રંથાલયના વિવિધ પ્રશ્નો અને તેને સંબંધિત ઉકેલો માટેના સલાહસૂચનો જે તે કામ સાથે જોડાયેલા કર્મચારીઓ પાસેથી જ મેળવવા જોઈએ અને તે નેતૃત્વ પૂરું પાડનાર વ્યક્તિ પર જ આધાર રાખે છે.

**૪.૫ પ્રક્રિયાઓમાં બદલાવ (Change in Process)**

ગુણવત્તા લાવવા માટે પરંપરાગત પ્રક્રિયાઓ / સેવાઓમાં બદલાવ લાવવો જરૂરી બને છે. વ્યવસ્થાકીય માળખામાં નવેસરથી ગોઠવણી કરવી જરૂરી છે. આ માટે સતત પૃથક્કરણ પ્રક્રિયા હોવી જોઈએ.

**૪.૬ કર્મચારીઓને ઉત્તેજન પૂરું પાડવું (Empowering employees)**

ગ્રંથાલયના કર્મચારીઓ જે પ્રક્રિયા અને સેવાઓ સાથે જોડાયેલા હોય તેમને નિર્ણય લેવાની સત્તા પણ આપવી જોઈએ. તેમના મંતવ્યો જાણવા, સલાહ મેળવવી તેમજ પ્રેરણા પૂરી પાડવી. આમ કરવાથી તેમનું ભાવાત્મક જોડાણ વધશે અને જવાબદારીપૂર્વક કાર્ય પૂર્ણ કરશે.

**૪.૭ વ્યવસાયિક નીતિમત્તા (Professional ethics)**

ગ્રંથાલય વ્યવસાયિકોએ પોતાના વ્યવસાયને તેમજ જે તે સંસ્થાના ઉદેશોને કેન્દ્રમાં રાખી તમામ સ્તરે નીતિમત્તા અને ફરજોને વળગી રહેવું જોઈએ. માન્ય માનકોનો ઉપયોગ કરવાથી પ્રક્રિયાઓ અને સેવાઓમાં રહેલી ઉણપો દૂર કરી ગુણવત્તા લાવી શકાય છે.

**૪.૮ ઉપભોક્તાઓના પ્રતિભાવ (Users' feedback)**

ગ્રંથાલયના ઉપયોગકર્તાએ મેળવેલ સેવાઓ વિશેના પ્રતિભાવો રૂબરૂમાં, ફોન દ્વારા કે સર્વેક્ષણ દ્વારા મેળવી જ્યાં યોગ્ય હોય ત્યાં જરૂરી ફેરફારો કરી વિશેષ ગુણવત્તા લાવી શકાય.

**૫. માનવીય અભિગમ (Human approach)**

સર્વાંગી ગુણવત્તા વિશેષ પણે માનવીય અભિગમ સાથે મહત્ત્વ ધરાવે છે, જે કેટલીક માનવીય લાગણીઓ અને વર્તણૂંક સાથે સંબંધિત છે. ગ્રંથાલયના કર્મચારીઓમાં કાર્ય અને સેવાઓ માટે ઉત્સાહ વધારવા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, જેમાં :

(૧) કર્મચારીઓની સિદ્ધિઓને, કાર્યોને બિરદાવવા જોઈએ.

(૨) કર્મચારીઓના અનુભવો એકબીજા સાથે વહેંચવા.

(૩) સામુહિકપણે મેળવેલ સિદ્ધિઓનો યશ તમામને આપવો જેથી સામુહિક ભાવના વિકસે.

(૪) સફળતાની પ્રાપ્તિ વ્યક્તિને વધારે સફળ બનાવવા પ્રેરે છે. પ્રોત્સાહન આપવાથી પોતાની ધગશ વધારી વધારે સફળ બનવા તે પ્રયત્નશીલ બને છે.

(૫) પ્રત્યેક કર્મચારીની રજૂઆતને ધ્યાન પર લેવી અથવા સાંભળવી. આમ કરવાથી તેનામાં આત્મસન્માનની લાગણી ઊભી થશે.

(૬) સતત થતી યંત્રવત્ પ્રક્રિયાઓના સ્થાને તેમાં નવિનતા આવે તેમ સૌ કોઈ ઝંખે છે. તેથી કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા કાર્યોની ફેરબદલી કરવી જોઈએ. જેથી વિશેષ ગુણવત્તા લાવવાની ઝંખના તેમનામાં વિકસે છે.

(૭) ગ્રંથાલયનો પ્રત્યેક કર્મચારી પોતાનો સતત વ્યક્તિગત વિકાસ થાય તેમજ આત્મસન્માન પ્રાપ્ત થાય તેમ ઈચ્છે છે. આ માટે ઉચ્ચ સ્તરે વિશેષ ધ્યાન આપવું જોઈએ.

(૮) પ્રત્યેક કર્મચારીને સોંપવામાં આવેલ ફરજ માટે એક જવાબદાર વ્યક્તિ તરીકે સ્થાન આપવાથી તે હંમેશા જવાબદારીપૂર્વક ફરજ નિભાવશે.

**૬. ગ્રંથાલય વ્યવસાયિકો માટે ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો**

ગ્રંથાલય વ્યવસાય ક્ષેત્રે વ્યવસાયિક સજ્જતા, વ્યવસાયિક ગુણવત્તા કેળવવા તેમજ ઉચ્ચ કક્ષાની માહિતી પદ્ધતિ અને પ્રવિધિઓ - પ્રક્રિયાઓમાં ઊભા થતા નવા પડકારોને પહોંચી વળવા ઉચ્ચ કક્ષાની કુશળતા - કૌશલ્ય (skill) ધરાવતા નવા ગ્રંથાલય વ્યવસાયિકો ઊભા થવા જરૂરી છે, (તાજેતરમાં જ આ વિષયક્ષેત્રને સ્પર્શતો અમદાવાદ મુકામે પરિસંવાદ યોજાઈ ગયો હોવાથી માત્ર અછડતા ઉલ્લેખ સાથે મુદ્દાઓ દર્શાવ્યા છે.) આ માટે;

૬.૧ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમોમાં નવી જરૂરિયાત અને પરિસ્થિતિ મુજબ ફેરફારો લાવવા. અભ્યાસક્રમમાં નવીનીકરણ લાવવું.

૬.૨ નવું જ્ઞાન, નવા કૌશલ્યો વિકસાવવા સતત શિક્ષણ, પ્રત્યક્ષ તાલીમ પૂરા પાડવા.

૬.૩ વિષય વિભાગોએ તેમજ વ્યાવસાયિક મંડળોએ પરિસંવાદો, પરિષદો, કાર્યશાળાઓનું સમયાંતરે આયોજન કરી તેમાં વધારેમાં વધારે વિદ્યાર્થીઓ, ગ્રંથપાલો ભાગ લઈ શકે તે રીતે તેમને પ્રોત્સાહિત કરવા.

૬.૪ અધ્યાપકોએ નવા જ્ઞાન / માહિતી પ્રવાહ મુજબ પોતાની સજ્જતા વિકસાવવી, તાલીમ મેળવવી અને વિદ્યાર્થીઓમાં તેનું સિંચન કરવું.

૬.૫ ઉચ્ચ સત્તાધીશો / સંચાલકોએ વિદ્યાર્થીઓને સતત પ્રાયોગિક તાલીમ મળી રહે તે માટે ટેક્નોલોજી સંબંધિત જરૂરી તમામ ઉપકરણો અને યોગ્ય વાતાવરણ પૂરા પાડવા.

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે

(૧) સ્વ. પ્રહ્‌લાદભાઈ ત્રિભોવનદાસ પટેલ
સેવા નિવૃત્ત ગ્રંથપાલ
શેઠ સી. એન. કોમર્સ કોલેજ - વિસનગર
અવસાન તારીખ : ૦૯-૦૧-૨૦૨૦, ગુરુવાર

(૨) સ્વ. અરવિંદભાઈ જયંતીલાલ પાઠક
સેવા નિવૃત્ત મદદનીશ ગ્રંથપાલ
માણેકલાલ જેઠાલાલ સાર્વજનિક પુસ્તકાલય
(મા. જે. પુસ્તકાલય) અમદાવાદ.
અવસાન તારીખ : ૨૧-૦૧-૨૦૨૦, મંગળવાર

(૩) સ્વ. વિભૂતભાઈ શાહ સેવા નિવૃત્ત ગ્રંથપાલ અને ગુજરાતી સાહિત્યકાર
'ટેકરીઓ ઉપર વસંત બેઠી છે' - વાર્તાસંગ્રહ
અવસાન તારીખ : ૦૯-૦૨-૨૦૨૦, રવિવાર

# માહિતી પરિવેશ અને માહિતી શોધ : ક્ષમતા અને કૌશલ્ય

— પ્રો. ઊર્મિલા ઠાકર

આજે શિક્ષણ, સંશોધન અને જ્ઞાન ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂક્યા છે. માહિતી ટેક્નોલોજીનો અવિરત વિકાસ અને વિનિયોગ દરેક ક્ષેત્રે થઈ રહ્યો છે. માહિતીની અકલ્પનીય વૃદ્ધિને કારણે તેની વ્યવસ્થા અને સંચાલનની સમસ્યાઓ ઉદ્ભવી છે. માહિતી પ્રત્યાયન સાથે જોડાયેલાં સૌ કોઈને આ અંગે પુનઃ વિચારણા કરતા કર્યા છે. માહિતી સર્જન, પ્રકાશન અને પ્રત્યાયન સાથે સંલગ્ન સંસ્થાઓમાં પણ પરિવર્તન આવતાં જાય છે. ગ્રંથાલયો, પ્રકાશકો અને જ્ઞાન સમાજના સમગ્ર પરિવેશ બદલાઈ રહ્યાં છે. આજના આ ગતિશીલ યુગમાં માહિતી વિશ્વના સમગ્ર પરિવેશને સમજવો અત્યંત મુશ્કેલી છતાં અનિવાર્ય બન્યું છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકો માટે આ બાબતો પડકારરૂપ છે, સાથે સાથે પ્રેરણારૂપ પણ છે. જે વિશેષ ક્ષમતાઓ અને કૌશલ્યોની અપેક્ષા રાખે છે.

૨૧મી સદીના આ ધસમસતા માહિતી પ્રવાહની સતત સાથે રહીને જ માહિતીના આ સમગ્ર પરિવેશને જાણી શકાય. તેના વિશેની તલસ્પર્શી સમજ કેળવી શકાય. સતત પરિવર્તન પામતા આ માહિતી પરિવેશથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકોએ સતત માહિતગાર રહેવાનું છે. એ માટે માહિતી પરિવેશના અફાટ વિસ્તારને તેમણે જોવાનો છે; તપાસવાનો છે, તેમજ તેની વિશિષ્ટતાઓને પારખવાની છે. તોજ તેનું અસરકારક પ્રત્યાયન થઈ શકે. અસરકારક પ્રત્યાયનની સીધી અસર ગ્રંથાલય વ્યવસાયિકો અને ઉપયોગકર્તાઓ વચ્ચેના સંબંધો, ઉપયોગકર્તાના વર્તન અને વ્યવહાર તેમજ ઉપયોગકર્તાને થતાં સંતોષ ઉપર પડે છે.

માહિતીનો સમગ્ર પરિવેશ એ માહિતીની ઉત્પત્તિ, માહિતીના સર્જનો, પ્રકાશનો, પ્રત્યાયન તેમજ માહિતીના વિવિધ ઉપયોગોથી આકાર પામેલો છે. આ પરિવેશની ગહનતા અને વ્યાપકતાનો સંપૂર્ણ પરિચય કેળવ્યા પછી ઉપયોગકર્તાને જરૂરી માહિતી શોધ કરવાની ક્ષમતા પ્રાપ્ત થઈ શકે. માહિતી પરિવેશનો અભ્યાસ કરીને માહિતીનો પ્રવાહ, માહિતી પદ્ધતિ-વ્યવસ્થાતંત્ર, માહિતીના ઉપયોગ, સર્જન, પ્રકાશન અને પ્રત્યાયનની રૂપરેખા તૈયાર કરી શકાય. જેના આધારે ક્યા પ્રકારની માહિતી, ક્યા પ્રકારના સ્રોતોમાંથી કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તેમજ ઉપયોગકર્તાને સમયસર કઈ રીતે આપી શકાય એ વિશેનું માર્ગદર્શન મેળવી શકાય. તેમજ ક્યા પ્રકારના કૌશલ્યોની જરૂર છે તે જાણી શકાય.

શૈક્ષણિક, સંશોધન કે સાર્વજનિક કોઈપણ પ્રકારના ગ્રંથાલયના ગ્રંથપાલે સતત પરિવર્તન પામતાં માહિતી પરિવેશથી સતત માહિતગાર રહીને સક્ષમ બનવું પડશે. એ અંગે જરૂરી કૌશલ્યો પ્રાપ્ત કરવા પડશે.

● **માહિતી પરિવેશ :**

● માહિતીના સમગ્ર પરિવેશમાં વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવતી અનેકવિધ પ્રકારની અને સ્તરની માહિતી અફાટ વિસ્તારમાં છવાયેલી છે. જેમકે,

★ મુદ્રિત માહિતી, ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ માહિત.

★ પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય કક્ષાની માહિતી.

- ★ અધિકૃત માહિતી, બિન-અધિકૃત માહિતી.
- ★ વિનામૂલ્યે પ્રાપ્ત થતી માહિતી.
- ★ મુક્ત રીતે પ્રાપ્ત થતી માહિતી.
- ★ મૂલ્ય ચૂકવીને કે લવાજમથી પ્રાપ્ત થતી માહિતી.
- ★ અદૃશ્ય વેબમાં ધરબાયેલી માહિતી.

● આ માહિતી વિવિધ પ્રકારના સ્વરૂપોમાં ઉપલબ્ધ છે. એટલે કે જુદી જુદી પ્રોડક્ટ્સની જેમ વિવિધ પ્રકારના પેકેજિઝમાં માહિતી પ્રાપ્ત થાય છે. જેમ કે;

- ★ પરંપરાગત સ્વરૂપે – પુસ્તકો, સામયિકો, સંદર્ભગ્રંથો વગેરે.
- ★ આધુનિક સ્વરૂપે – ઇ-બુક્સ, ઇ-જર્નલ્સ, ઓડિયો-વીડિયો, ઇ-થિસીસ, ઇ-ઇમેજીઝ, ઇ-ન્યુઝપેપર્સ, ઓપન એજ્યુકેશનલ સોર્સીસ, સ્ટેટીસ્ટીકલ ડેટાબેઝીઝ, વેબસાઇટ્સ – અધિકૃત અને બિનઅધિકૃત, સબજેક્ટ ગેટવેઝ, સરકારી પોર્ટલ, કન્સોર્શિયા, ડિજિટલ લાઇબ્રેરી, ઇન્સ્ટીટ્યુશનલ રીપોઝીટરીઝ, રેફરન્સ ડેટાબેઝીસ, બીગ ડેટા વગેરે અનેક સ્વરૂપે ઉપલબ્ધ છે.
- ★ ઓનલાઇન ઉપલબ્ધ વિષય નિષ્ણાતો અને વિદ્વાનો – તેઓ વેબ પર સ્વતંત્ર રીતે મળી શકે છે, તો ક્યારેક તેઓ ચેટરૂમ્સ, યુઝનેટ ગ્રુપ્સ અને સપોર્ટ ગ્રુપ્સમાં પણ જોવા મળે છે. તેમના વિશેની જાણકારી માહિતી સેવા આપવામાં ઉપયોગી બની શકે છે.

● માહિતી વિશેની માહિતી આપતાં અનેક પ્રકારના માહિતીસ્રોતો મુદ્રિત તેમજ ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ છે. જેમ કે;

- ★ વાઙ્મય સૂચિઓ
- ★ સંક્ષેપો
- ★ વેબસાઇટ્સની યાદીઓ
- ★ નિર્દેશીઓ
- ★ મેટા ડેટા
- ★ ડેટાબેઝના પ્રકાર મુજબની યાદીઓ.

● માહિતીની શોધ કરવામાં ઉપયોગી ટુલ્સ અને ટેક્નિક્સ પણ આ પરિવેશના મહત્ત્વના ઘટકો છે.

- ★ સર્ચ એન્જિન્સ
- ★ માહિતી શોધની વ્યૂહરચનાઓ
- ★ ક્યુઆર કોડ વગેરે.
- ★ મેટા-સર્ચ એન્જિન્સ
- ★ જુદી જુદી શોધ-યુક્તિઓ

● માહિતી પ્રત્યાયન માટેના અનેક પ્લેટફોર્મ્સ છે, ઉપકરણો પણ છે. જેમ કે;

- ★ કમ્પ્યૂટર – ઇન્ટરનેટની સુવિધા સાથે.
- ★ ટેબ્લેટ્સ
- ★ ઇ-મેઇલ
- ★ સ્માર્ટફોન્સ
- ★ ઓનલાઇન લર્નિંગ ટેક્નોલોજી
- ★ સોશ્યલ મીડિયાઝ

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકોએ માહિતીના આ સમૃદ્ધ પરિવેશથી સતત માહિતગાર રહીને સક્ષમ બનવાનું છે. ઉપયોગકર્તાની જરૂરિયાતના સંદર્ભમાં માહિતી શોધવી, સુસંગત માહિતીનું સંયોજન કરવું, મૂલ્યાંકન કરવું તેમજ સમયસર માહિતી પૂરી પાડવી એ દરેક બાબતો વિશેષ પ્રકારની ક્ષમતા અને કૌશલ્યોની અપેક્ષા રાખે છે.

- **માહિતી પરિવેશનો ઉપયોગ કરવાની ક્ષમતા કેળવો.**
  - વિશિષ્ટ વિષયક્ષેત્રના મહત્ત્વના માહિતસ્રોતોને ઓળખો.
  - વિવિધ પેકેજીઝમાંથી અત્યંત સુસંગત અધિકૃત માહિતીસ્રોતો પસંદ કરો.
  - વિવિધ પ્રકારની માહિતીની લાક્ષણિકતાની પૂરેપૂરી જાણકારી મેળવો.
  - વિશિષ્ટ વિષયના સંદર્ભમાં તેમજ ઉપયોગકર્તાને જરૂરી માહિતીના સંદર્ભમાં યોગ્ય માહિતીસ્રોત પસંદ કરવા સક્ષમ બનો.
  - અદ્યતન માહિતી આપતાં સ્રોતો વિશે પૂરેપૂરી જાણકારી રાખો જેથી સતત અદ્યતન માહિતીથી ઉપયોગકર્તાને વાકેફ રાખી શકાય.
- **માહિતીની શોધ કરવા માટેની સજ્જતા કેળવો**

આજે નવી ટેક્નોલોજીને પરિણામે ૨૪ x ૭ માહિતી શોધ કરવાની તથા માહિતી સેવા પૂરી પાડવાની સુવિધાઓ ઉપલબ્ધ છે. એનો પૂરેપૂરો ઉપયોગ કરો.

- ઉપયોગકર્તાને કઈ માહિતીની જરૂર છે તે વિશે સ્પષ્ટ સમજ કેળવો. શોધ કરવા માટે સ્પષ્ટ વિધાન તૈયાર કરો.
- શોધના મુદ્દાનું પૃથક્કરણ કરો.
- શોધના મુદ્દાના સંદર્ભમાં તે વિષયસૂચક મહત્ત્વના પદો-શબ્દો-કીવર્ડ્ઝ તેમજ તેના સમાનાર્થી પદો-શબ્દો-કીવર્ડ્ઝ માહિતીની શોધ કરવા માટે તૈયાર કરો.
- માહિતીની શોધ કઈ કઈ રીતે થઈ શકે તે અંગેની જાણકારી મેળવો. જેમકે, વ્યાપક કે મર્યાદિત શોધ અથવા વિશિષ્ટ શોધ. એ માટે શોધના વિધાનમાં જરૂર હોય એ મુજબના પદો-શબ્દો-કીવર્ડ્ઝ ઉમેરો અથવા દૂર કરો.
- માહિતીની ચોક્કસ પ્રકારની શોધ કરવા માટેના સામાન્ય નિયમો કે સિદ્ધાંતોની જાણકારી મેળવો.
- વિવિધ પ્રકારના ડેટાબેઝીઝ તેમજ વેબસાઈટ્સ પરથી શોધ કરવાની સામાન્ય યુક્તિઓથી પરિચિત બનો.
- માહિતીની શોધ કરવા માટેની જુદી જુદી શોધ યુક્તિઓનો ઉપયોગ કરો. જેમ કે;
  પદ-વિચ્છેદન (Truncation), શબ્દસમૂહથી શોધ (Phrases searching), મર્યાદિત સમય દર્શાવીને (time limit) શોધ, શોધના પદોનું સંયોજન, બુલીઅન લૉજીક વગેરે.
- કોઈ એક જ ડેટાબેઝમાંથી સ્વતંત્ર રીતે સરળ વિષયની માહિતીની શોધ કરવાનો પ્રયત્ન કરો
- જુદા જુદા ડેટાબેઝીઝનો પણ ઉપયોગ કરો. સંદર્ભોને આધારે અન્ય સંબંધિત ડેટાબેઝની શોધ કરો.
- શોધ કરવા માટે મેટાસર્ચ એન્જિન્સ અને સર્ચ એન્જિન્સનો ઉપયોગ કરો.
- મુદ્રિત માહિતી એકત્રિત કરો. ઈન્ટરનેટ દ્વારા મેળવેલી માહિતીને ડાઉનલોડ કરો.
- શોધ દ્વારા મેળવેલી માહિતીનું અર્થઘટન કરો અને વર્ગીકૃત કરો.

- **શોધેલી માહિતીનું ચોકસાઈપૂર્વક મૂલ્યાંકન કરો.**

  શોધને અંતે પ્રાપ્ત થયેલી માહિતીનું મૂલ્યાંકન કરવા માટેના ધોરણો (Criteria)નો ઉપયોગ કરો.

  માહિતીને ફિલ્ટર કરો.

  - માહિતીની અદ્યતનતા (Currency) ચકાસો.
  - માહિતીની સુસંગતતા (Relevance) તપાસો.
  - માહિતી અધિકૃત (Authentic) છે કે નહીં તે જુઓ.
  - માહિતીની ચોકસાઈ (Accuracy) ચકાસો.
  - માહિતીનો હેતુ (Purpose) જાણો.

- **માહિતીનું પ્રત્યાયન કરો.**

  અસરકારક પ્રત્યાયન કરવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખો.

ઉપયોગકર્તાને જરૂરી માહિતી ક્યાં, ક્યારે, કેવી રીતે, કયા સ્વરૂપે પહોંચાડવાની છે તેની સંપૂર્ણ જાણકારી મેળવો. તો જ Right Information to the right users at the right time and the right place in the right way... પહોંચાડી શકાય.

  - પ્રત્યાન્વિત કરવાની માહિતી વ્યવસ્થિત ગોઠવો.
  - માહિતીનો ચોકસાઈપૂર્વક નોંધ કરો.
  - જટિલ વિષયના જુદા જુદા પાસાં વિશેની માહિતીનું યોગ્ય સંયોજન કરો.
  - ઉપયોગમાં લીધેલાં માહિતીસ્રોતોની સંદર્ભયાદી તૈયાર કરો. સંદર્ભનોંધ કરવા માટે APA, MLA જેવાં સ્ટાઇલ મેન્યુઅલ્સનો ઉપયોગ કરો.
  - શોધ પ્રક્રિયા દરમિયાન ઉપયોગમાં લીધેલાં તમામ સ્રોતોને જાળવી રાખવા માટે zetora, Endnote જેવાં રેફરન્સ મેનેજમેન્ટ સોફ્ટવેરનો ઉપયોગ કરો.
  - માહિતી પ્રત્યાયનના અનેક પ્લેટફોર્મ્સ છે. યોગ્ય ઉપકરણનો ઉપયોગ કરીને માહિતીનું પ્રત્યાયન કરો.

ગ્રંથપાલોએ તેમના ઉપયોગકર્તાઓ માટે માહિતીની શોધ કરતાં પહેલાં માહિતીના સમગ્ર પરિવેશની ગહનતા અને વ્યાપકતાનો પરિચય કેળવીને માહિતીસેવા આપવા સક્ષમ બનવું પડે. એ સાથે માહિતીની શોધ કરવા માટેના વિવિધ કૌશલ્યો પણ પ્રાપ્ત કરવા પડે.

માહિતી પરિવેશ અંગેના સંશોધનાત્મક અભ્યાસો થવા જોઈએ. જેના આધારે માહિતીના ઉદ્‌ભવથી શરૂ કરીને, માહિતીના સર્જન, પ્રકાશન, પ્રત્યાયન અને તેના ઉપયોગ અને પુનઃ ઉપયોગ અંગેની તાર્કિક રૂપરેખા તૈયાર કરી શકાય. જે માહિતી પદ્ધતિની નવીન રચના કરવામાં ઉપયોગી થઈ શકે.

# વૈચારિક ક્રાંતિનાં વાહકો - ગ્રંથો

## "Next to the Creation of man by God, is Book"



પ્રતાપરાય વી. મહેતા

યુદ્ધ કે ક્રાંતિ કાયદાની પોથીમાંથી થતા નથી. એ તો મનુષ્યનાં દિમાગમાં આકાર લે છે (યુનેસ્કો). આ વિધાનને ખોટું ઠેરવનાર હજુ સુધી કોઈ જ રાજસત્તા જન્મી નથી. જબરદસ્ત રશિયન ક્રાંતિ પણ વૈચારિક ક્રાંતિ પાસે વામણી સાબિત થઈ રશિયાનું વિઘટન તેમજ બન્ને જર્મનીનું એકીકરણ આના તાજેતરનાં ઉજળા ઉદાહરણો છે.



જૉન રસ્કીન

રાજસત્તાના અઢળક સામાજિક સુધારાઓના કાયદાઓનો વ્યાપક ભંગ થવા માટે ''વૈચારિક ક્રાંતિ''નો અભાવ જ જવાબદાર છે. દારૂબંધી અને અસ્પૃશ્યતાના કાયદાઓની નિષ્ફળતામાં વૈચારિક ક્રાંતિનો અભાવ જ કારણભૂત છે.

દ્વિપત્ની પ્રતિબંધ, વિધવા વિવાહ, સહશિક્ષણ વગેરે આજે સર્વ સ્વીકૃત બન્યા છે. કારણ કે સમાજમાં ફેલાયેલ વૈચારિક ક્રાંતિએ આ સઘળું સહજ હોય એમ સ્વીકારી લીધું છે.

મનુષ્ય એ સામાજિક અને વિચારશીલ પ્રાણી છે (સોક્રેટીસ). વિચારોમાં તાજગી અને નૂતન અભિગમો પુસ્તકાલયો દ્વારા ગ્રંથોનાં વાંચન થકી પૂરા પાડવા જોઈએ. કારણ કે મિત્રની પસંદગીમાં થાપ ખાઈ જવાની ધાસ્તી રહે છે. પુસ્તકો બાબતમાં આવું બનતું નથી. પુસ્તકોએ કદી કોઈનો દ્રોહ કર્યાનું જાણ્યું નથી. ઉલટાનું પુસ્તકોએ મહાન માનવીઓનું ઘડતર કર્યું છે.

"UNTO THIS LAST" રસ્કીને લખ્યું વર્ષો પહેલાં (૧૮૬૨), પણ છેક ૧૯૦૪માં જો તે બેરિસ્ટર એમ. કે ગાંધીનાં વાંચનમાં ન આવ્યું હોત તો સંસારને મહાત્મા ગાંધી કદાચ સાંપડત નહીં ! દયાનંદ સરસ્વતીએ ખૂબ રૂઢિચુસ્ત યુગમાં આર્યસમાજનાં ખ્યાલો મૂક્યા જેનો સ્વીકાર અને પ્રચાર તો તેમના 'સત્યાર્થ પ્રકાશ' નામક ગ્રંથનાં વાંચન દ્વારા જ થયો. જે વિચારતરંગો આવી રીતે પુસ્તકો દ્વારા વાંચન થકી ઊભા થાય છે તે વૈચારિક ક્રાંતિ માટે અણુ વિસ્ફોટનું કાર્ય કરે છે. સભ્યદેશોમાં પણ પુસ્તકો આજ કારણોએ જપ્ત થાય છે ને ! તો પછી પુસ્તકાલયનાં ગ્રંથે ગ્રંથે જે વિચારો સંગ્રહાયેલા હોય છે તે જ યુદ્ધના વિકલ્પે વૈચારિક ક્રાંતિનો પાયાનો ભાગ ભજવી ન શકે ?

જે લોકોએ જૂના વડોદરા રાજ્યની ધમધમતી પુસ્તકાલય પ્રવૃત્તિ જોઈ અને અનુભવી છે તેમની પાસે એકાદ ક્ષણ બેસીએ તો પણ વિચારમાં પડી જવાય છે કે દેશનાં હાલનાં જાહેર પુસ્તકાલયો કેમ પાછા પડી ગયાં છે. પાંચ-દસ અપવાદ બાદ કરતાં કોઈ જાહેર પુસ્તકાલયો પ્રજાને જાહેર અને પોતાના લાગ્યાં નથી. પોતાના ગામના કે વિસ્તારનાં પુસ્તકાલયોમાં દિવસમાં એકવાર ગયા વિના ચેન જ પડે નહીં એવું વાતાવરણ પુસ્તકાલયોએ ઊભું કર્યું છે ખરું ? પ્રજાનો મોટો ભાગ પુસ્તકાલયોમાં જતો નથી અને તેથી તે કશું જ ગુમાવતો નથી એમ માને છે. આ સ્થિતિ જાહેર જીવનમાં સામાજિક કે રાજકીય ક્ષેત્રે - જ્વાળામુખી જેવી છે જેને ઠારવા વાંચન જેવું અગ્નિશામક કોઈ ઓજાર કે ઔષધ નથી.

પુસ્તકાલયો માટે સુંદર ભવન, સારા પુસ્તકો તો વસાવેલ હશે પણ સવાલ એ થાય છે કે આનો ઉપયોગ થતો નથી અને વળી એનો રંજ ગ્રંથાલયના કર્મચારીઓને પણ થતો નથી. ગ્રંથાલયનો કર્મચારી માત્ર તાલીમ પામેલો હોય એ પૂરતું માનીને ચાલવાથી આજની આવી સ્થિતિ ઉદ્‌ભવી છે. જોકે મનોરંજન અને માહિતી આપતા અનેક નવા માધ્યમો જેવા કે રેડિયો, ટી.વી., સોશિયલ મીડિયા, અખબારો, મેગેઝિનો પણ આ સ્થિતિ માટે અંશતઃ જવાબદાર છે. આવી સ્થિતિમાં વાચકના મનની નાડ પારખી તેમની રૂચીનાં લેખકો કે ગ્રંથો તેમના હાથમાં સેરવી દેવા, સંતો કે રાજકીય કે સામાજિક નેતા કે સાહિત્યકારો પૈકી કોઈને કોઈની જન્મ તારીખ કે મૃત્યુતિથિ હરેક માસમાં આવતી જ હોય છ. તો તેમનાં વિષે અને તેમનાં ગ્રંથોનું પ્રદર્શન, નૂતન વર્ષે કે પ્રજાસત્તાક દિને પુસ્તકાલયનાં આંગણે અનુરૂપ સુવાક્ય સાથે ''હાર્દિક અભિનંદન''નું લખાણ લખી વાચકોને આવકારવા અને સવારે કે સાંજે ધુપસળીની સુગંધી મહેકથી પવિત્ર વાતાવરણ સર્જીને લોકોને આકર્ષવા જેવી યુક્તિઓ કેટલા ગ્રંથાલયોએ સ્વયં વિકસાવવી છે ? ગ્રંથાલય વિજ્ઞાનની તાલમમાં આવી વસ્તુ નથી આવતી, પરંતુ આત્મસૂઝથી આવા પ્રયત્નો કરી શકાય. કવિશ્રી કલાપીએ ક્યાંક કહ્યું છે કે ''જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી'' હમણાં જ એક હિસાબી અધિકારીને મળવાનું બન્યું ત્યારે તેની સાથે ગ્રંથો-લેખકો અંગે થોડી વાતો થઈ તે પરથી મેં તેમને કહ્યું કે તમોને રાત્રે સૂતાં પહેલાં કંઈક ને કંઈક વાંચ્યા વિના ચાલતું નહીં હોય. જવાબમાં મને તેમણે કહ્યું કે પુસ્તકોથી જ તેમનું નિવૃત્ત જીવન ટકી રહ્યું છે. મને કલાપીનાં ઉપરનાં ઉદ્‌ગાર યાદ આવ્યા વિના રહ્યાં નહીં. આપણાં પુસ્તકાલયોનાં વાચકોને ગ્રંથો વાંચવા માટે આવા ભાવ જાગે એવું સર્વે ગ્રંથપાલભાઈ કે બહેન જો કરે તો વાંચનનો ભાવ અને ટેવ દરેક પ્રજાજનમાં જાગૃત થાય.

યુનોના મહામંત્રી કે અમેરિકાનાં પ્રમુખ તો સમયના અભાવની ફરિયાદ કરે તે વાજબી ગણાય, પણ તેમના કાર્યબોજ અને ક્ષેત્રની સરખામણીમાં આમવર્ગ સમયની ખેંચ છે એમ કહી શકે નહીં. તેમ છતાંયે શ્રમજીવી કે બુદ્ધિજીવી સામાન્ય મનુષ્ય પણ સમયનાં અભાવની ફરિયાદ કરતો ફરે છે. પુસ્તકાલયનો ઉપયોગ ન કરવાનું કંઈ કારણ પૂછીએ તો સમય જ ક્યાં છે ? એવો રોકડો જવાબ મળી જાય છે, પરંતુ લંડન જનારા મહાન રાજકીય નેતાઓ ખૂબ જ વ્યસ્ત હોવા છતાં ''ચેરીંગ સ્ટ્રીટ'' ઉપરની દુનિયાની સૌથી મોટી પુસ્તકોની દુકાન ''ફોયલ એન્ડ કું.''ની મુલાકાત લેવાનું તેઓ ચુક્યા નથી. સર્વોશ્રી ચર્ચિલ, આઈઝેન હોવર, ડીવેલેરા, એલિઝાબેથ ટેલર, સ્વ. આગાખાન, મેક આર્થર અને મોન્ટેગોમેરી જેવી અનેક નામાંકિત વ્યક્તિઓએ સમય કાઢીને ''ફોયલ''માં કલાક બે કલાક ગાળવાનું પસંદ કર્યું છે. સમયનાં અભાવની દલીલનો વાજબી આશરો લઈ શકનાર આવી અતિ વ્યસ્ત વ્યક્તિઓને પણ ગ્રંથોએ લોહચુંબક જેમ આકર્ષ્યા છે તો આપણાં વિસ્તારનું પુસ્તકાલય આપણાં માટે આવું લોહચુંબકીય કેન્દ્ર ન બની શકે ?

પુસ્તકોની ઝોળી ભરીને ગલીએ ગલીએ અને દ્વારે દ્વારે જઈ પુસ્તકો આપવા જવાની ગ્રંથપાલોમાં તમન્ના અને સેવાયજ્ઞની ભાવના જાગવી જોઈએ. વાચક પોતાની પાસે આવું પુસ્તક માંગે અને તે અપાય તે કાર્ય તો સહજ થયું. કવિ દલપતરામે કહ્યું છે કે ''પોલું છે તો બોલ્યું તેમાં તે શી કરી કારીગરી ? સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.'' વાચકો સ્વયં આવે અને તેને પુસ્તકો આપવામાં કોઈ કર્મચારી પોતાની ફરજની ઈતિ સમજે તેણે કવિશ્રીની ઉક્ત પંક્તિઓ યાદ કરવા જેવી છે.

લડાઈઓની પરંપરામાં શ્રદ્ધા રાખનાર સમ્રાટ અશોકની વૈચારિક ક્રાંતિએ જ કલીંગની લડાઈની નિરર્થકતા પીછાણી. અહીં પણ વૈચારિક ક્રાંતિએ જ કાર્ય કર્યું છે. જે અંતર્ગત આજ સુધીની લડાઈઓમાં ગુમાવેલ અમૂલ્ય માનવજાતનાં બલિદાનો કે ખર્ચ નિરર્થક લાગ્યા હોય તેવી તાજેતરની ઉત્તર અને દક્ષિણ કોરિયાની વર્ષો જૂની કટ્ટર દુશ્મનીનાં અંતની ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. તો પછી રાજકીય, ઔદ્યોગિક અને સામાજિક ક્રાંતિ માટે વૈચારિક ક્રાંતિનો જ આશરો લેવો શું ખોટો ? થોડાક વધુ ઉદાહરણો તપાસીએ. ગુજરાતમાં મહિ-કાંઠાના ખૂંખાર બહારવટીયાઓને શરણે થવા માટે શ્રી રવિશંકર મહારાજે તેમનાં વિચારોમાં પરિવર્તન કર્યું. આ માટે ઝવેરચંદ મેઘાણી કૃત પુસ્તક ''માણસાઈના દીવા'' અવશ્ય વાંચવા જેવું છે. એવું જ વિનોબા ભાવેની ભૂદાન ચળવળ વિશે કહી શકાય. રાજકીય નેતાઓના જેલવાસ દરમિયાન તેમનો ખોરાક વાંચન જ હોય છે. જવાહરલાલ નેહરૂએ પણ કહેલું કે "Whenever I came out of the jail I becaame wiser." કાર્લ માર્કસનાં ગ્રંથ "Das Kapital" ગ્રંથે જ દુનિયાને સામ્યવાદની નવી રાજકીય વિચારસરણી આપી. માર્કસ રશિયા કદીયે ગયા જ નથી. માર્ચ ૧૯૦૪માં મોહનદાસ તેનાં અસલનાં કામે જહોનિસબર્ગથી નાતાલ જતા હતા ત્યારે મિત્ર હેનરી પોલાક ગાંધીને ટ્રેનમાં બેસાડવા આવ્યા હતા. ટ્રેન ઉપડવાની તૈયારી હતી ત્યારે પોલાકે ગાંધીજીનાં હાથમાં રસ્કીનનું "Unto this Last" પુસ્તક થમાવ્યું અને કહ્યું ''આ પુસ્તક વાંચજો તમને ગમશે. આ શકવર્તી પુસ્તકનો સાર ''સર્વોદય'' નામની પુસ્તીકા દ્વારા ગાંધીજીએ આપણને આપ્યો છે. જ્યારે અર્થશાસ્ત્રના અધ્યાપક ચિત્તરંજન વોરાએ સુંદર અને સરળ સંપૂર્ણ ગુજરાતી અનુવાદ આપ્યો છે.'' (ગ્રંથનામ - અન્ટુ ધીસ લાસ્ટ - ત્રીજી આવૃત્તિ, ૨૦૧૭)

૧૯૪૨ની ભારતની સ્વાતંત્રતાની લડત દરમિયાન અનેક પુસ્તકો બ્રિટીશ શાસને જપ્ત કર્યા હતાં. તે પૈકી ગુજરાતી પુસ્તક 'મેઘાણીકૃત - યુગવંદના' પણ હતું. અદાલતો ગુનેગારોને સજા કરે જાય છે અને જેલો કેદીઓથી ઉભરાય છે. કેદીઓને સુધારવા માટે કથા, પ્રવચનો વગેરે જેલોમાં ગોઠવાય છે, પણ પરિણામ શૂન્ય રહે છે. આ સંદર્ભે બ્રાઝિલ દેશે કરેલ પ્રયોગ ભારતની જેલોમાં કરવા જેવો છે. ત્યાં કેદીઓને વાંચવા પુસ્તક આપવામાં આવે છે અને તેમની પરીક્ષા લેવાય છે. ઉત્તીર્ણ થનાર કેદીને એક પુસ્તક દીઠ ચાર દિવસની સજા માફ કરાય છે. ગુજરાતની જેલોમાં આવું આયોજન કરવા ગુજરાતનાં ગૃહપ્રધાનને મેં પત્ર પણ લખેલ છે. મોટા ખર્ચ વિનાનું આવું આયોજન દેશભરની જેલોમાં થાય તો ભવિષ્યમાં ગુનેગારોની સંખ્યા ઘટતી જશે.

ગ્રંથોના વાંચનનો એક પ્રબળ ઓજાર તરીકે ઉપયોગ થાય તો કલ્યાણકારી રાજ્યની યથાર્થ સ્થાપના થયાનું પ્રજા સ્વીકારશે. આવું આયોજન માત્ર રાજ્યસત્તા કરે તેની સાથે સાથે પુસ્તકાલય મંડળોએ અને સ્થાનિક નાના મોટાં સંગઠનોએ પણ કરવું જોઈએ. ગ્રંથોનું વાંચન જ આજના પડકારો ઝીલવા સમર્થ થશે. ગ્રંથોનાં વાંચને વૈચારિક ક્રાંતિમાં અકલ્પ્ય પરિણામો આપ્યાં છે તે આપણે ઉપર તપાસી ગયા.

ગુજરાત રાજ્યે તો ''વાંચો ગુજરાત'' અભિયાન હેઠળ અનોખું આયોજન પણ ગોઠવેલ હતું. આ નવા અભિગમ તરફ જવા માટે જેટલું જલદી કરીશું તેટલા અચ્છે દિન વહેલા આવશે જેની સમાજને આજે તાતી જરૂર છે.

પુસ્તકો અને તેનાં વાંચનનો પ્રભાવ અને ક્ષમતા જોતાં એમ કહી શકાય કે માણસાઈનાં વાવેતરનું ''ઓર્ગેનિક ખાતર'' વાંચન છે, હજુ સુધી જેનો કોઈ વિકલ્પ શોધાયો નથી. પુસ્તકો એવા શિક્ષક છે કે જે કષ્ટ આપ્યા વિના, ટીકા કર્યા વિના, પરીક્ષા વિના આપણને શિક્ષણ આપે છે.

**(લેખક : ગુજરાત રાજ્યના નિવૃત્ત મદદનીશ ગ્રંથાલય નિયામક છે)**

# સ્વર્ગસ્થ પરંતુ હૃદયસ્થને પુષ્પાંજલિ



જન્મ તા. ૧૦-૧૨-૧૯૩૮
પ્રભુશરણ તા. ૧૯-૧૨-૨૦૧૯

## સ્વ. કિરીટભાઈ કાન્તિલાલ ભાવસાર

પ્રમુખ, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ – ગુજરાત રાજ્ય

આપની ખોટ સદાય સાલતી રહેશે અમારી
આપને શ્રધ્ધાંજલિ - ભાવાંજલિ - પુષ્પાંજલિ - સ્મણાંજલિ

રમણલાલ એલ. પટેલ
ઉપ પ્રમુખ

કિરીટભાઈ બી. ગંધકવાળા
મંત્રી

પંકજભાઈ એમ. બાવિશી
પ્રમુખ

હિમાંશુભાઈ ટી. પાંધી
ખજાનચી

**સર્વ કારોબારી સભ્યો અને સંઘના સભ્યશ્રીઓ**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ - અમદાવાદ



